નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫ એસસીડબલ્યુ-૦૮
ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીના છાત્રાલયોના વહીવટ માટે કર્મચારીઓનું મહેકમ બાબત રૂ.૦.૦૬ કરોડ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: SJED/MSC/e-file/17/2023/3427/K Section
સચિવાલય, ગાંધીનગર
તા. / /૨૦૨૪

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:**SJED/MSC/e-file/17/2023/3427/K Section**

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૪/૦૬/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ/સ.છા/૨૪-૨૫/૩૨૭૫-૭૬

**આમુખ:**

રાજ્યમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી ઉચ્ચ શિક્ષણ સારી રીતે પ્રાપ્ત કરી શકે તે માટે યુનિવર્સીટીના વડા મથકે રહેવા-જમવા માટે સગવડ કરવાના હેતુથી સમરસ છાત્રાલયો ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૬/૦૩/૨૦૨૪ના ઠરાવથી સમરસ છાત્રાલય, ગાંધીનગર કચેરી ખાતેના વહીવટી સંચાલન માટે કર્મચારીઓના મહેકમ માટે જુનિયર ક્લાર્ક(વર્ગ-૩)ની ૨ નવી જગ્યા ઉભી કરવા અંગેની રૂ.૦.૦૬ કરોડની નવી બાબતને વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નિયામકશ્રી(અજાક)ના તા.૦૪/૦૬/૨૦૨૪ના પત્રથી સરકારી છાત્રાલય/સમરસ છાત્રાલયોના વહીવટ માટે જુનિયર ક્લાર્ક(વર્ગ-૩)ની ૦૨ નવી જગ્યાના ફિક્સ પગાર તથા રેગ્યુલર પગાર ધોરણનો સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

**સુધારા ઠરાવ:-**

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) તા.૧૬/૦૩/૨૦૨૪ના ઠરાવથી ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીના છાત્રાલયોના વહીવટ માટે કર્મચારીઓનું મહેકમ રૂ.૦.૦૬ કરોડ ની નવી બાબતને વર્ષ ૨૦૨૪-૨૫માં વહીવટી મંજૂરી આપવામાં આવેલ, જેમાં નીચે મુજબનો ફીક્સ પગાર તેમજ રેગ્યુલર પગાર ધોરણ વંચાણે લેવા આથી ઠરાવવામાં આવે છે.

- સમરસ છાત્રાલયોના વહીવટના સંચાલન માટે જુનિયર ક્લાર્ક(વર્ગ-૩)ની ૦૨ નવી જગ્યા (ફિક્સ પગાર રૂ. ૨૬૦૦૦/-,સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્ષ લેવલ નં.-૫ ; પગાર ધોરણ-રૂ.૧૯૯૦૦-૬૩૨૦૦,ગ્રેડ પે-૧૯૦૦, ROP-2016) ઊભી કરવા અંગેની રૂ.૦.૦૬ કરોડની નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫ની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ઉપર જણાવેલ સુધારા સિવાય આ વિભાગના તા.૧૬/૦૩/૨૦૨૪ના સમાનાંકી ઠરાવની અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 12-Jun-2024 (01:21 PM)

(ધર્મિષ્ઠા વસાવા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ , સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ , સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ , સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪


Open the document in Adobe Acrobat DC to verify the E-sign